સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001
ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358

**પ્રેસ પ્રકાશન**

**ભારતીય રિઝર્વ બેંક**

વેબસાઇટ : www.rbi.org.in
ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

તારીખ: 24 ઓક્ટોબર 2016

રૂપિયા 20 ની બેન્કનોટો, અંદર મૂકેલા અક્ષર 'L' સાથે, નંબર પેનલોમાં ચડતા કદમાં આંકડાઓ સાથે અને ઇન્ટૅગ્લિઓ પ્રિન્ટીંગ સિવાય ઇસ્યુ કરવી.

ભારતીય રિઝર્વ બેંક ટૂંક સમયમાં રૂપિયા 20 ના મૂલ્ય વર્ગ ની, મહાત્મા ગાંધી સીરીઝ – 2005 માં, બંને નંબર પેનલોમાં અંદર મુકેલા અક્ષર 'L' સાથે, ડૉ. રઘુરામ જી. રાજન, ગવર્નર, ભારતીય રિઝર્વ બેંક ની સહી અને બેન્કનોટની પાછળ છપામણી નું વર્ષ '2016' ધરાવતી બેન્કનોટો જારી કરશે.

હાલમાં જારી કરવામાં આવનાર આ બેન્કનોટોની ડીઝાઇન તથા સુરક્ષા લક્ષણો (security features), નંબર પેનલોમાં ચડતા કદમાં આંકડાઓ સાથે, ઇન્ટૅગ્લિઓ (કોતરણીવાળું) પ્રિન્ટીંગ સિવાય, સુપ્ત ઈમેજ વિના અને ઓળખ ચિન્હ વિના મહાત્મા ગાંધી સીરીઝ – 2005 માં તાજેતરમાં ઇસ્યુ કરેલ રૂપિયા 20/- ની બેન્કનોટ જેવા છે.

ઇન્ટૅગ્લિઓ પ્રિન્ટીંગ દૂર કરવાથી નોટોની આગળના ભાગનો રંગ વધારે હળવો (light) રહેશે. (સંદર્ભ – પ્રેસ પ્રકાશન નં. – 2016 – 2017 / 678 તારીખ 15 સપ્ટેમ્બર 2016)

બેંક દ્વારા ભૂતકાળમાં જારી કરવામાં આવેલ રૂપિયા 20/- ના મૂલ્યવર્ગની તમામ બેન્કનોટો કાયદેસરના ચલણ તરીકે ચાલુ રહેશે.

અજીત પ્રસાદ
સહાયક સલાહકાર

પ્રેસ પ્રકાશન: 2016 – 2017/1004